# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

SGCCI

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/189 Dt. 17/10/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા 'દિવાળી રિશ્તો કી' કાર્યક્રમની ઉજવણી કરાઇ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા બુધવારે, તા. ૧૫ ઓકટોબર, ૨૦૨૫ના રોજ સાંજે ૦૫:૩૦ કલાકે, ધ અમોર રેસ્ટોરન્ટ, પીપલોદ, સુરત ખાતે 'દિવાળી રિશ્તો કી' કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરના ગ્રૃપ ચેરમેન શ્રી શૈલેષ દેસાઇએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. ભારતના પૂર્વ કેન્દ્રિય ટેક્ષ્ટાઇલ્સ એન્ડ રેલ્વે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશે આ પ્રસંગે મહિલા ઉદ્યોગ સાહસિકોને ખાસ પોતાના વ્યવસાયનો વ્યાપ વધારવા પ્રોત્સાહિત કર્યા હતા.

સ્કલ્પ્ટ સ્કિનકેરના સહ-સંસ્થાપક ડો. કિંજલ પટેલે સ્કિનકેર વિશેની માહિતી મહિલા ઉદ્યોગ સાહસિકોને આપી હતી. એન્કર કૃપાલી શાહે સેલના સભ્યોને હાઉઝી અને અન્ય રમત-ગમતની એક્ટિવિટી કરાવી હતી.

વુમન આંત્રપ્રિન્યોર સેલના ચેરપર્સન સુશ્રી અંકિતા વાલંદે સેલના સભ્યોને દિવાળીની શુભેચ્છાઓ આપતા જણાવ્યું હતું કે, 'વુમન આંત્રપ્રિન્યોર સેલનો લાભ વધુને વધુ મહિલા ઉદ્યોગ સાહસિકોને મળે તે માટે સેલના સભ્યોએ પ્રયાસો કરવાના છે. દરેક સભ્ય અન્ય એક સભ્યને સેલમાં જોડવા માટે પ્રેરિત કરે તેમ કહી તેમણે સેલને ૧૦૦ સભ્યોને જોડવાનો ટાર્ગેટ આપ્યો હતો.'

આ પ્રસંગે વુમન આંત્રપ્રિન્યોર સેલના એડવાઇઝર શ્રીમતી સ્વાતિબેન શેઠવાલા, સુશ્રી કૃતિકા શાહ અને સેલના કો-ચેરપર્સન એડવોકેટ બીના ભગત, સુશ્રી ધારા શાહ, સુશ્રી નિમિષા પારેખ, શ્રીમતી રોશની ટેલર તેમજ સેલના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. વુમન આંત્રપ્રિન્યોર સેલના સભ્ય સુશ્રી શિલ્પી શાધે ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.